सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૨૫–૦૧–૨૦૧૮ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૫–૦૧–૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | : | ૨૭–૦૩–૨૦૧૯ | | |
| સમય | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૨ | ૦૨ |

# અમરેલીના મહે. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–અમરેલી.

## સેશન્સ કેસ નંબર : ૫ સને ૨૦૧૮

આંક:

**ફરિયાદી** :– શ્રી સ ર કા ર.
(સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશન ફ.ગુના રજી.નં.૪૫/૨૦૧૭).

**વિરૂધ્ધ**

**આરોપીઓ** :–
(૧) અનકભાઈ જીલુભાઈ વનરા,
ઉ.વ.૩૧, ધંધો ખેતી.
(૨) મંગળુભાઈ બચુભાઈ વનરા,
ઉ.વ.૪૫, ધંધો ખેતી.
રહે. બંને આદસંગ, તા.સાવરકુંડલા, જિ. અમરેલી.

---

ગુનો : ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭(૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબ.

---

ફરિયાદી/શ્રી સરકાર તરફે – વિધ્વાન એ.પી.પી.એમ.આર. ત્રિવેદી
આરોપીઓ તરફે – વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી યુ.બી. ત્રિવેદી

**: ચુ કા દો :**

(૧) આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબનું તહોમતનામું છે. સદર કામે સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નં.૪૫/૨૦૧૭ થી નોધાયેલ ફરિયાદની હકિકતો ટુંકમાં નીચે મુજબ છે.

(૨) આ કામે આંક–૨૦ થી રજુ ફરિયાદની હકિકત જોવામાં આવે તો આ કામની ફરિયાદ, ફરિયાદી–કાળુભાઈ નનકાભાઈ પડગીર, રહે. આદસંગ, તા.સાવરકુંડલા જિ.અમરેલીવાળાએ ભાવનગર ડો. દીજેશ શાહની હોસ્પીટલ ખાતેથી સારવાર દરમ્યાન જે.કે. ગોહીલ, એ.એસ.આઈ., નીલમબાગ પોલીસ સ્ટેશન, ભાવનગરનાઓ સમક્ષ તા.૮–૭–૨૦૧૭ ના રોજ એ મતલબની નોંધાવેલ છે કે, તેઓ આદસંગ ગામે તેમના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. તેઓના ગામમાં સરપંચ તરીકે દાદભાઈ સેલાભાઈ છે. તા.૭–૭–૧૭ ના રોજ તેઓના કાકા સાથે અનકભાઈ જીલુભાઈ તથા જીલુભાઈ બચુભાઈ સાથે કોઈ બાબતે બોલાચાલી થયેલ હતી, તે વખતે તેઓ હતા નહિં. વધુમાં ફરિયાદમાં જણાવેલ છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ સવારના આશરે આઠથી સવા આઠેક વાગ્યે તેઓના ઘર પાસે અનકભાઈ જીલુભાઈ તથા મંગળુભાઈ બચુભાઈ બંને ગાળો બોલતા હતા, જેથી તેઓ તેઓના ઘર બહાર આવેલ અને તેઓએ આ બંનેને કહેલ કે શું કામ ગાળો બોલો છો, તેમ કહેતા આ બંનેના હાથમાં લોખંડના પાઈપ હતા, તે પાઈપ અનકભાઈ જીલુભાઈએ તેઓને માથામાં મારી દીધેલ. આ વખતે દાદભાઈ તથા તેઓના ભાઈ આલીગભાઈ તથા ભાણાભાઈ વિગેરે આવી ગયેલ અને તેઓ નીચે પડી ગયેલ અને તેઓને કોઈ ભાન રહેલ નહિં. પરંતુ થોડીવાર તેઓને ઘરે લઈ ગયેલ અને ત્યાંથી તેઓને પ્રાઈવેટ વાહનમાં રાજુલા સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાંથી મહુવા હનમંતમાં લઈ જતા ત્યાંથી ભાવનગર લઈ જવાનું કહેતા તેઓને ભાણાભાઈ તથા આલીગભાઈ તથા નાગભાઈ તેઓને ડો.દીજેશ શાહની હોસ્પીટલમાં સારવારમાં લઈ ગયેલ. તેઓને માથામાં ફ્રેકચર તથા હેમરેજ થયેલ હોય ઓપરેશન કરવાનું છે. વધુમાં ફરિયાદમાં

બનાવના કારણમાં જણાવેલ છે કે તેઓના કાકા ગામમાં સરપંચ હોય તેને અનકભાઈ સાથે તેમજ જીલુભાઈ સાથે કોઈ બાબતે બોલાચાલી થયેલ, જેની દાઝ રાખી હાલનો બનાવ બનેલ હોવાનું જણાવેલ છે. સદરહું હકિકતવાળી ફરિયાદીની ફરિયાદ સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નં.૪૫/૨૦૧૭ થી, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાની નોંધવામાં આવેલ હતી.

(૩) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું તહોમતનામું સાવરકુંડલાના વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ)શ્રીની કોર્ટમાં દાખલ કરેલ. જે ફોજદારી કેસ નં.૫૧૦/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું ફોજદારી કેસ સાવરકુંડલાના વિ.એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. સાવરકુંડલાના વિધ્વાન એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને ઉપરોકત તહોમત મુજબના ગુનાની ન્યાયિક કાર્યવાહી કરી નિકાલ કરવાની હકુમત ન હોય, સાવરકુંડલાના વિધ્વાન એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની તેમજ આરોપીઓ બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગતા હોવાની ખાતરી કરી, ઈન્સાફી કાર્યવાહી માટે સેશન્સ અદાલત, અમરેલીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ તા.૦૪–૦૧–૨૦૧૮ ના રોજ કમીટલ હુકમ કરી, કમીટ કરેલ છે. જે આ અદાલતમાં સેશન્સ કેસ નં.૫/૨૦૧૮ થી નોંધાયેલ છે.

(૪) સદર કેસ આ અદાલત રૂબરૂ ન્યાયિક નિકાલ માટે રજુ થતા આરોપીઓ તેમના વિ.વ.શ્રી યુ.બી. ત્રિવેદી મારફતે હાજર થયેલ છે. સદર કામે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની તેમજ આરોપીઓ ખાનગી વકીલશ્રી રોકી બચાવ કરવાનું જણાવતા હોવાની ખાતરી થતા, ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.એમ.આર. ત્રિવેદીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી યુ.બી. ત્રિવેદીની ચાર્જ અંગેની દલીલો સાંભળી. રેકર્ડ પરના કેસ પેપર્સની હકીકતો સાથે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા, હાલનાં આરોપીઓ વિરુધ્ધ પ્રથમદર્શનીય કેસ જણાતો હોય આંક–૧૨ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫

સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) સાથે વાંચતા કલમ–૧ ૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૨૮(૨) મુજબ તહોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ વિગતવાર આંક–૧૩ અને ૧૪ થી તેઓની સામેનાં તહોમત મુજબના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૧ હેઠળ ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ થયેલ છે.

| સાહેદ નં. | સાહેદનું નામ. | કામગીરી અથવા હોદો | આંક |
|---|---|---|---|
| ૦૧ | ડો.વિઠ્ઠલ રંગરાજન | ફરિયાદી કાળુભાઈ નનકાભાઈને સારવાર આપનાર ન્યુરો સર્જન | ૧૫ |
| ૦૨ | કાળુભાઈ નનકાભાઈ પટગીર | ફરિયાદી | ૧૯ |
| ૦૩ | દાદાભાઈ સેલારભાઈ પટગીર | સાહેદ | ૨૧ |
| ૦૪ | આલીગભાઈ નનકાભાઈ પટગીર | સાહેદ | ૨૨ |
| ૦૫ | ભાણાભાઈ વીરાભાઈ વાળા | સાહેદ | ૨૩ |
| ૦૬ | નાગભાઈ દડુભાઈ પટગીર | સાહેદ | ૨૪ |
| ૦૭ | વનરાજભાઈ ભાણકુભાઈ વનરા | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૫ |
| ૦૮ | ચંપુભાઈ રાવતભાઈ ખાચર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૭ |
| ૦૯ | જસુભાઈ રામભાઈ વાળા | સાહેદ | ૨૮ |
| ૧૦ | મનુભાઈ રૂખડભાઈ વાળા | ફરિયાદીના શરીર સ્થિતીના પંચનામા તથા તેમણે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૯ |
| ૧૧ | મેરામભાઈ હાથીભાઈ વાળા | આરોપીઓને અટક કરી તેમની પાસેથી પાઈપો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૧ |
| ૧૨ | શાંતુભાઈ પુંજાભાઈ ખુમાણ | આરોપીઓને અટક કરી તેમની પાસેથી પાઈપો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | કરણસિંહ ભાવસંગભાઈ ચૌહાણ | હથીયારબંધીનું જાહેરનામું રજૂ કરનાર /કલાર્ક, કલેકટર કચેરી અમરેલી | ૩૫ |
| ૧૪ | લવજીભાઈ દેવજીભાઈ ચૌહાણ | ફરિયાદ રજીસ્ટર કરનાર / પી.એસ.ઓ. | ૩૭ |
| ૧૫ | જયદેવસિંહ કસળસિંહ ગોહીલ | ફરિયાદ લેનાર / એએસઆઈ | ૩૮ |
| ૧૬ | ભુપતભાઈ નાજાભાઈ સોલંકી | ફરિયાદીના શરીર સ્થિતીના પંચનામા તથા તેમણે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૧ |
| ૧૭ | ઉજમશીભાઈ ગોવિંદભાઈ શાહ | તપાસનીશ અધિકારી / પી.એસ.આઈ. | ૪૨ |
| ૧૮ | ધર્મેન્દ્રસિંહ કનકસિંહ સરવૈયા | ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી | ૪૭ |

(૬) આ કામમાં ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

| ક્રમ નં. | વિગત. | આંક. |
|---|---|---|
| ૦૧ | મેરૂ નર્સિંગ હોમ, ભાવનગરનો બ્લડ સેમ્પલ માંગેલ તેનો રીપોર્ટ | ૧૬ |
| ૦૨ | ફરિયાદીનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૭ |
| ૦૩ | ફરિયાદ | ૨૦ |
| ૦૪ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૦૫ | ફરિયાદીના શરિર સ્થિતી તથા બનાવ વખતે તેમણે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૦ |
| ૦૬ | આરોપીઓને અટક કરી તેમની પાસેથી પાઈપો કબજે કર્યાનું પંચનામું | ૩૨ |
| ૦૭ | હથીયારબંધીનું જાહેરનામું | ૩૬ |
| ૦૮ | ફરિયાદ લેનાર પોલીસ કર્મચારીને મળેલ યાદી શેરા સાથેની | ૩૯ |
| ૦૯ | જાણવા જોગ એન્ટ્રી નં.૧૦૮૪/૧૭ | ૪૦ |
| ૧૦ | ડો.વિઠ્ઠલ રંગરાજનને પોલીસે મેડીકલ સર્ટીફીકેટ મેળવવા કરેલ યાદી | ૪૩ |
| ૧૧ | મુદ્દામાલ રવાનગી પત્રક | ૪૪ |
| ૧૨ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૪૫ |
| ૧૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી ગયાની પાવતી | ૪૬ |
| ૧૪ | એફ.એસ.એલ. વિભાગ, જુનાગઢની મુદ્દામાલ પરિક્ષણ થયાની યાદી | ૪૮ |
| ૧૫ | એફ.એસ.એલ. વિભાગ, જુનાગઢનો બાયોલોજી પરિક્ષણ અહેવાલ | ૪૯ |
| ૧૬ | એફ.એસ.એલ. વિભાગ, જુનાગઢનો સીરોલોજી પરિક્ષણ અહેવાલ | ૫૦ |

(૭) આ કામે ફરિયાદપક્ષ વધુ પુરાવો આપવો નથી તેવી પુરસીસ આંક–૫૧ થી રજુ કરેલ છે. ફરિયાદપક્ષે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તપાસ્યા બાદ આરોપીઓના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનો લેવામાં આવેલ છે અને તેમાં તેમણે પોતાની સામેનાં આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને ખોટી ફરિયાદ નોંધી ખોટું ચાર્જશીટ કરેલ છે અને તેઓ નિર્દોષ છે. આરોપીઓ પૈકી કોઈ આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવના સમર્થનમાં કોઈ સાહેદ તપાસેલ નથી.

(૮) ત્યારબાદ આ કામે સરકાર તરફે વિ. એ. પી.પી. એમ.આર. ત્રિવેદીની તેમજ આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી યુ.બી. ત્રિવેદીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કામે વિધ્વાન એ.પી.પી. એમ.આર. ત્રિવેદીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે પક્ષકારોને સમાધાન થઈ જતા ઈજા પામનાર ફરિયાદી તથા સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. પરંતુ આ કામે રજૂ થયેલ અન્ય પુરાવો જોતા આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતા હોય, આરોપીઓને તકસીરવાર ઠરાવવા જોઈએ. આમ, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ શંકા રહીત પોતાનો કેસ પુરવાર કરેલ હોય, આરોપીઓને કાયદા મુજબ સખત સજા કરવી જોઈએ.

(૧૦) આરોપીઓના વિ.વકીલ શ્રી યુ.બી. ત્રિવેદીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, આ કામના ઈજા પામનાર ફરિયાદી તથા અન્ય સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામે આરોપીઓને સંડોવતો એક પણ પુરાવો રેકર્ડ ઉપર નથી. ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાની જવાબદારી છે, પરંતુ ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૧૧) આ કામે બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતા

નીચે મુજબનાં મુદાઓનાં નિર્ણયો કરવાનાં રહે છે.

**:: મુ દ્દા ઓ ::**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, ફરિયાદી–કાળુભાઈ નનકાભાઈ પટગીરના કાકા ગામના સરપંચ હોય અને તેમને આરોપી નં.૧ સાથે તથા તેમના પિતા સાથે કોઈ બાબતે બોલાચાલી થયેલ, તેનું મનદુઃખ રાખી, તા.૮–૭–૨૦૧૭ ના રોજ કલાક ૮–૦૦ થી ૮–૧૫ વાગ્યા દરમ્યાન સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે ફરિયાદીના ઘર પાસે આરોપીઓ ગાળો બોલતા હોય, જેથી ફરિયાદીએ ગાળો શું કામ બોલો છો તેમ કહેતા અને આરોપીઓ પાસે લોખંડના પાઈપો હોય, આરોપી નં.૧ નાએ ફરિયાદીને માથામાં લોખંડનો પાઈપનો ઘા મારી, આરોપીઓએ ઈરાદાપૂર્વક અથવા જ્ઞાન સાથે ફરિયાદીનું ખુન કરવાની કોશિષ કરી, ફરિયાદીને સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું ફરીયાદપક્ષ એ પુરવાર કરે છે કે, ઉપરોકત સમય અને સ્થળે આરોપીઓએ અમરેલીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરમાં હથીયારો ધારણ ન કરવાનાં જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ગુનામાં વાપરી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના નીચે દર્શાવેલ કારણોસર નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમા.

(૩) છેવટના હુકમ મુજબ.

## :– કા ર ણો –:

**મુદ્દા નંબર : ૧ તથા ૨.**

ઉપરોકત બંને મુદ્દાઓ સલગ્ન હોય પુનરાવર્તન દોષ નિવારવા બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે સાહેદ–ડો.વિઠ્ઠલ રંગરાજનને આંક–૧૫ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ મેરૂ નર્સિંગ હોમ ટ્રોમા સેન્ટર એન્ડ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ ખાતે ન્યુરો સર્જન તરીકે ફરજ બજાવે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે તેઓની પાસે પટગીર કાળુભાઈ નનકાભાઈને સારવાર માટે હનુમંત હોસ્પીટલ, મહુવા ખાતેથી પ્રાથમીક સારવાર લઈને તેઓની પાસે વધુ સારવાર માટે આવેલ હતા અને તેમને હીસ્ટ્રી પુછતા પેશન્ટે અને તેની સાથે આવેલા પટગીર આલીગભાઈએ જણાવેલ હતું કે "સામાવાળા ધ્વારા તેની ઉપર હુમલો કરવામાં આવેલ". વધુમાં તેઓએ જણાવેલ છે કે તેમની શારીરીક તપાસ કરતા (૧) તેમના નાકમાંથી લોહી નીકળતું હતું (૨) તેમના ડાબા કાનમાંથી લોહી નીકળતું હતું (૩) તેમના ડાબા બાજુના ઓકસીપીટલ રીજીયન ઉપર ૩×૩ સે.મી. નો બ્યુઈશ ચકામો જોવા મળેલ હતો અને તેમના મગજનો સીટી સ્કેન કરાવતા ડાબી બાજુ ઓકસીપીટલ રીજીયન ઉપર એક એકસ્ટ્રા ડયુરલ હેમરેજ, ડાબી બાજુના ફ્રન્ટોલ ટેમ્પોરા પરાઈટલ બોન ઉપર ડીપ્રેસ્ડ ફ્રેકચર જોવા મળેલું, લેફટ મેસ્ટ્રોઈડ પીટ્રસ ઓકસીપીટલ કોન્ડાઈ બોડી ઓફ સ્ફીનોઈડ અને રાઈટ મેગ્ઝીલરી બોન ફ્રેકચર, સ્ફીનોઈડ અને લેફટ મેસ્ટોઈડ હેમરેજ જોવા મળેલ હતું અને તેઓના મતે તેમને થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી, જે કઠણ અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી અને જેના કારણે તે મૃત્યુમાં પરીણમે શકે તેવી હતી. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓએ દર્દીનું ઓપરેશન કરેલું અને જે હાડકુ ભાંગીને અંદર ગયેલ હતું અને તેના કારણે હેમરેજ થયેલુ હતું તે હાડકાના ટુકડાઓ બહાર કાઢીને હેમરેજ દુર કરેલ હતું અને વધુમાં તેઓએ જણાવેલ છે કે તેમને તા. ૧૫–૭–૨૦૧૭ સુધી અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા અને ત્યારબાદ તેમની સ્થિતીમાં સુધારો થતા તેમને ડીસ્ચાર્જ કરેલા. ડો.રંગરાજનને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ અને ૫ વાળા લોખંડના પાઈપ બતાવતા તે જોઈને જણાવેલ છે કે તેના વડે તેઓએ દર્દીને જોયેલ ઈજા થઈ

શકે.

ડો. રંગરાજન, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે હીસ્ટ્રીમાં કયાં હથીયારથી કંઈ વ્યકિતએ મારેલું કેવું કંઈ જણાવેલું નહિં. તેઓ કબૂલ કરે છે કે તેઓએ જે ઈજાઓ જણાવેલી છે તે ઈજા સીમેન્ટ બ્લોક ઉપર માથુ અથડાઈ તો આ પ્રકારની ઈજા થઈ શકે.

(૧૪) ઉપરોકત ડો.રંગરાજનની સોગંદ ઉપરની જુબાની તથા તેઓએ રજુ કરેલ દસ્તાવેજો ઘ્યાને લેતા આ કામે બનાવ સમયે ફરિયાદી–કાળુભાઈ નનકાભાઈ પટગીરને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજા થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. પરંતુ આ ઈજાઓ હાલના આરોપીઓએ પહોંચાડેલ કે કેમ ? તે બાબતનો ફરિયાદપક્ષે રજૂ કરેલ અન્ય પુરાવો ઘ્યાને લેવો જરૂરી બની રહે છે.

(૧૫) ફરીયાદપક્ષે ફરિયાદી/ઈજા પામનાર–કાળુભાઈ નનકાભાઈ પટગીરને આંક–૧૯ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે બનાવના આગલા દિવસે તેઓના કાકા સાથે આરોપીઓને બોલાચાલી થયેલી અને બીજા દિવસે આરોપીઓ તેઓના ઘર પાસે આવેલ હતા અને તે વખતે તેઓ અને આરોપીઓને બોલાચાલી થયેલી અને તે વખતે માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલું અને તેમાં ઝપાઝપીમાં તેઓ પડી ગયેલા અને તેઓને માથામાં નીચે પાણીની પાઈપ પડેલ હોય તે વાગી ગયેલ. તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓને ઈજા થયેલ અને તેઓને પ્રાઈવેટ વાહનમાં રાજુલા સરકારી દવાખાને અને ત્યાંથી મહુવા હનુમંત હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે ભાવનગર લઈ ગયેલા અને તે વખતે પોલીસ આવેલી અને તેઓનું નામ, સરનામું પૂછેલું અને તેઓના સગા વહાલા બધા હાજર હતા તેણે આ બનાવ વિશે પોલીસને લખાવેલું અને ફરિયાદ તૈયાર કરેલી અને તેમાં તેઓને અંગુઠો મારવાનું કહેતા તેઓએ અંગુઠો મારેલો, તે સિવાય તેઓ બીજુ કંઈ જાણતા નથી. તેઓ એ હકિકતનો ઈન્કાર કરે છે કે હાલના બંને આરોપીઓ તેઓના ઘર પાસે આવી ગાળો બોલી તેમના હાથમાં લોખંડનો પાઈપ હતો તે અનકભાઈ જીલુભાઈએ તેઓને માથામાં મારી દીધેલ.

ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં

આવેલ. ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેઓ કબૂલ કરે છે કે તેઓને સમાધાન થઈ ગયેલ છે.

ફરિયાદી, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે બનાવ બન્યો ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ધકકા મુકકી થયેલી અને તેમાં પડી જતા તેઓને ઈજા થયેલી અને નીચે પાણીનો પાઈપ હોય તે માથામાં વાગેલ અને તેઓ બેભાન થઈ ગયેલા અને તેથી આ ફરિયાદ કોણે લખાવી તેની તેઓને ખબર નથી અને તેઓ બેભાન હોવાથી ડોકટરને કોઈ હીસ્ટ્રી આપેલી નહિ અને ડોકટર કોણે વાત કરી તેની તેઓને આજસુધી ખબર પડેલી નથી. તેઓ કબૂલ કરે છે કે આ ટોળામાં તેઓએ કોઈની પાસે કોઈપણ પ્રકારનું કોઈ હથીયાર જોયેલું નહિં.

(૧૬) ફરીયાદપક્ષે સાહેદ–દાદાભાઈ સેલારભાઈ પટગીરને આંક–૨૧ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ પંચાયતના ગોડાઉન પાસે તેઓનો ભત્રીજો કાળુભાઈ નનકાભાઈ પટગીર નીચે પડેલ હતો અને થોડે આગળ તેઓના ગામના અનકભાઈ જીલુભાઈ અને મંગળુભાઈ બચુભાઈ હાજર હતા અને તે બંને ગાળો બોલતા હતા અને તેઓએ ભાણાભાઈને કાળુભાઈને કોણે મારેલું તેમ પુછતા ભાણાભાઈએ જણાવેલ કે પાઈપનો ઘા મારેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓની ગાડીમાં કાળુભાઈને રાજુલા દવાખાને લઈને ગયેલા અને ત્યાંથી મહુવા હનુમંત હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાંથી ભાવનગર ડોકટર દીજેશ શાહના દવાખાને લઈ ગયેલા અને કાળુભાઈનું ઓપરેશન કરેલું અને કાળુભાઈને માથામાં ફ્રેકચર અને ટાંકા લીધેલ હતા અને હેમરેજ થયેલ હતું. વધુમાં તેઓએ જણાવેલ છે કે આ બનાવનું કારણ એવું હતું કે તેઓ ગામમાં સરપંચ તરીકે ચુંટાયેલ હોય અને અનકભાઈ તથા જીલુભાઈને આગલા દિવસે પાણીના પ્રશ્ન બાબતે બોલાચાલી કરેલી, જેની દાઝ રાખીને અનકભાઈએ કાળુભાઈને માર મારેલો.

આ સાહેદ, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે કાળુભાઈને ઈજા થયેલી ત્યારે તેઓ બનાવના સ્થળે હાજર ન હતા, જેથી તેને કયા અને કેવી રીતે ઈજા થઈ તે તેઓએ નજરે જોયેલી નથી અને બનાવ વખતે કાળુભાઈને કોણે મારેલું તે તેઓ કહી

શકે નહિં અને કાળુભાઈએ પણ તેને કોણે મારેલ છે તેવું જણાવેલું નહિં, કારણ કે તે બેભાન હતા. તેઓ કબૂલ કરે છે કે પડવાથી નળ કાળુભાઈ વાગી ગયેલ હોવાનું કાળુભાઈએ જણાવેલું અને બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય આ બનાવ વિશે તેઓને કોઈ અંગત માહીતી નથી.

(૧૭) ફરીયાદપક્ષે સાહેદ–આલીગભાઈ નનકાભાઈ પટગીરને આંક–૨૨ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ પંચાયતના ગોડાઉન પાસે તેઓનો ભાઈ કાળુભાઈ નનકાભાઈ પટગીર નીચે પડેલ હતો અને થોડે આગળ તેઓના ગામના અનકભાઈ જીલુભાઈ અને મંગળુભાઈ બચુભાઈ હાજર હતા અને તે બંને ગાળો બોલતા હતા, જેથી તેઓએ તેમને ઠપકો આપેલો. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓએ ભાણાભાઈને પુછેલ કે કાળુભાઈને કોણે મારેલું તો ભાણાભાઈએ જણાવેલ કે કાળુભાઈ દોડાદોડીમાં પડીજતા તેને નીચે આવેલ નળનો પાઈપ વાગેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓના કાકાની ગાડીમાં કાળુભાઈને રાજુલા દવાખાને લઈને ગયેલા અને ત્યાંથી મહુવા હનુમંત હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાંથી ભાવનગર ડોકટર દીજેશ શાહના દવાખાને લઈ ગયેલા અને કાળુભાઈનું ઓપરેશન કરેલું અને કાળુભાઈને માથામાં ફ્રેકચર અને ટાંકા લીધેલ હતા અને હેમરેજ થયેલ હતું. વધુમાં તેઓએ જણાવેલ છે કે આ બનાવનું કારણ એવું હતું કે તેઓના કાકા ગામમાં સરપંચ તરીકે ચુંટાયેલ હોય અને અનકભાઈ તથા જીલુભાઈને આગલા દિવસે પાણીના પ્રશ્ન બાબતે બોલાચાલી કરેલી, જેને કારણે કાળુભાઈ તથા આરોપીઓને બોલાચાલી થયેલી. તેઓ જણાવેલ છે કે પોલીસ આવેલી અને તેઓનું નામ, સરનામું પુછેલું, એ સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી.

આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેઓ કબૂલ કરે છે કે હાલ તેઓને સમાધાન થઈ ગયેલ છે.

આ સાહેદ, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે કાળુભાઈને ઈજા થયેલી ત્યારે તેઓ બનાવના સ્થળે હાજર ન હતા, જેથી તેને કયા અને કેવી રીતે ઈજા થઈ તે તેઓને નજરે જોયેલ નથી અને બનાવ વખતે કાળુભાઈને કોણે મારેલું તે તેઓ

કહી શકે નહિં અને કાળુભાઈએ પણ તેને કોણે મારેલ છે તેવું જણાવેલું નહિં, કારણ કે તે બેભાન હતા. તેઓ કબૂલ કરે છે કે કાળુભાઈને પડવાથી નળ વાગી ગયેલો તેવું તેઓને કાળુભાઈએ જણાવેલું અને આ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય આ બનાવ વિશે તેઓને કોઈ અંગત માહીતી નથી.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ–ભાણાભાઈ વીરાભાઈ વાળાને આંક–૨૩ થી, સાહેદ–નાગભાઈ દદુભાઈ પટગીરને આંક–૨૪ થી તથા સાહેદ–જસુભાઈ રામભાઈ વાળાને આંક–૨૮ થી તપાસેલ છે. આ તમામ સાહેદોએ તેમના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયતના ગોડાઉન પાસે કાળુભાઈ નનકાભાઈ પટગીર નીચે પડેલ હતા અને આરોપીઓ ત્યાં હાજર હતા અને ગાળો બોલતા હતા, જેથી તેઓએ ઠપકો આપેલો અને કાળુભાઈને ઈજા થયેલ હોય તેમને દાદાભાઈની ગાડીમાં રાજુલા સરકારી દવાખાને અને ત્યાંથી મહુવા હનુમંત હોસ્પીટલમાં અને ત્યાંથી ભાવનગર ડો. દીજેશ શાહના દવાખાને લઈ ગયેલા અને કાળુભાઈનું ઓપરેશન કરેલું અને કાળુભાઈને માથામાં ફ્રેકચર અને હેમરેજ થયેલ હતું. તેઓએ વધુમાં જણાવેલ છે કે પોલીસ આવેલી અને તેઓનું નામ, સરનામું પુછેલું, એ સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી.

આ તમામ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સાહેદો કબૂલ કરે છે કે હાલ તેઓને સમાધાન થયેલ છે.

આ તમામ સાહેદો, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે કાળુભાઈને ઈજા થયેલી ત્યારે તેઓ બનાવના સ્થળે હાજર ન હતા જેથી તેને કયા અને કેવી રીતે ઈજા થઈ તે તેઓને નજરે જોયેલ નથી અને કાળુભાઈએ પણ તેને કોણે મારેલ છે તેવું જણાવેલું નહિં, કારણ કે તે બેભાન હતા અને કાળુભાઈને પાણીનો નળ વાગી ગયેલો તેવું કાળુભાઈએ જણાવેલું.

(૧૯) ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના આંક–૨૫ વાળા પંચનામાના પંચ

સાહેદ–વનરાજભાઈ ભાણકુભાઈ વનરાને આંક–૨૫ થી તથા બીજા પંચ સાહેદ–ચંપુભાઈ રાવતભાઈ ખાચરને આંક–૨૭ થી તપાસેલ છે. આંક–૩૦ વાળા ફરિયાદીના શરીર સ્થિતીના તથા તેમણે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ–મનુભાઈ રૂખડભાઈ વાળાને આંક–૨૯ થી તથા બીજા પંચ સાહેદ–ભુપતભાઈ નાજાભાઈ સોલંકીને આંક–૪૧ થી તપાસેલા છે. આંક–૩૨ વાળા આરોપીઓને અટક કરી તેમની પાસેથી લોખંડની પાઈપો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ–મેરાભાઈ હાથીભાઈ વાળાને આંક–૩૧ થી તથા બીજા પંચ સાહેદ–શાંતુભાઈ પુંજાભાઈ ખુમાણને આંક–૩૩ થી તપાસેલા છે. આ તમામ પંચ સાહેદો પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી અને આ પંચ સાહેદોને વિ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

(૨૦) ફરીયાદપક્ષે સાહેદ–કરણસિંહ ભાવસંગભાઈ ચૌહાણને આંક–૩૫ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ અમરેલી જિલ્લા કલેકટર ઓફીસમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને તેઓની પાસે જાહેરનામા સંબંધીત ટેબલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે અધિક જિલ્લા મેજી.શ્રી ડી.ડી. પંડયા ધ્વારા તા.૨૭–૬–૨૦૧૭ થી તા.૧૧–૭–૨૦૧૭ બંને દિવસો સહીતનું હથીયારબંધી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલું અને જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી માટે જે ને કન્સર્ડ અધિકારીઓને મોકલી આપવામાં આવેલું.

આ સાહેદ, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી માટે જાહેર સ્થળો ઉપર ઢોલ નગારા વગાડી તથા માઈક ઉપર જાહેરાત કરવી જોઈએ. તેઓને એ વાતની ખબર નથી કે આવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલી કે કેમ. તેઓ કબૂલ કરે છે કે આ જાહેરનામું કેવી રીતે જાહેર કર્યુ તેની તેઓને કોઈ જાત માહીતી નથી.

(૨૧) ફરીયાદપક્ષે સાહેદ–લવજીભાઈ દેવજીભાઈ ચૌહાણને આંક–૩૭ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૮–૭–૧૭ ના રોજ તેઓ પી.એસ.ઓ.

તરીકે સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.આઈ. શ્રી ડી.કે. પટેલનાઓ ધ્વારા તેઓને ફરિયાદ રજીસ્ટર કરવા સારૂ તેઓની સમક્ષ રજૂ રાખતા, તેઓએ એફ.આઈ.આર. ફાડી આગળની તપાસ ડી.કે. પટેલને સોંપી આપેલી.

આ સાહેદ, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે તેઓએ એફ.આઈ.આર. ફાડવા સિવાય આ કામે અન્ય કોઈ કાર્યવાહી કરેલી નથી.

(૨૨) ફરીયાદપક્ષે સાહેદ–જયદેવસિંહ કસળસિંહ ગોહીલને આંક–૩૮ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૮–૭–૨૦૧૭ ના રોજ તેઓ ભાવનગર નીલમબાગ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા, તે દરમ્યાન એમ.એલ.સી. યાદી આવતા, તેઓએ મેરૂ નર્સિંગ હોમમાં જઈ ઈજા પામનાર કાળુભાઈ નનકાભાઈી પટગીરની તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લીધેલ અને ફરિયાદ લઈ તેમને વાંચી સંભળાવી તેમના ડાબા હાથના અંગુઠાનું નીશાન લીધેલ અને ફરિયાદ પી.એસ.ઓ.ને સોંપી આપેલ અને બનાવ સાવરકુંડલા પોલીસ સ્ટેશનની હદનો બનતો હોય ત્યાં મોકલી આપવા જણાવેલું.

આ સાહેદ, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે તેઓએ ફરિયાદ લેવા સિવાય આ કામે અન્ય કોઈ કાર્યવાહી કરેલી નથી અને આ ફરિયાદ હકિકત અંગે તેઓને કોઈ જાત માહીતી નથી.

(૨૩) ફરીયાદપક્ષે તપાસનીશ અધિકારી–ઉજમશીભાઈ ગોવિંદભાઈ શાહને આંક–૪૨ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૯–૭–૧૭ ના રોજ સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.માં તેઓ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન ઈ/ચા પી.એસ.આઈ. બી.કે. પટેલનાઓ આ ગુનાની તપાસ કરતા હોય અને તેઓ હાજર થતા તેમની પાસેથી તપાસ તેઓએ સંભાળી લીધેલી. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓએ ભાવનગર મુકામે જઈ ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલ તેમજ તેમના શરીર સ્થિતીનું પંચનામું કરી તેમના કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ અને આરોપીઓ મળી આવતા આરોપીઓને પંચનામાની વિગતે અટક કરી તેમની પાસેથી મુદ્દામાલ હથીયાર તેમના કપડા કબજે લીધેલે વધુમાં

તેઓએ જણાવેલ છે કે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા, મેડીકલ ઓફીસરને સારવાર સર્ટીફીકેટ તેમજ બ્લડ સેમ્પલ મેળવવા યાદી કરેલ અને મેડીકલ સર્ટીફીકેટ આવતા કાગળોમાં સામેલ રાખેલ, કબજે કરેલ મુદ્દામાલ તથા બ્લડ સેમ્પલ મેળવી મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી, એફ.એસ.એલ., જુનાગઢને મોકલી આપેલ તેમજ હથીયારબંધીનું જાહેરનામું મેળવી કાગળોમાં સામેલ રાખેલ.

તપાસનીશ અધિકારી, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો ઈન્કાર કરે છે કે ફરિયાદને અનુરૂપ સાહેદોના નિવેદન તેઓએ જાતે નોંધી લીધેલા અને પંચનામાઓ તેઓએ જાતે તૈયાર કરી પાછળથી ફકત પંચોની સહીઓ લીધેલી અને તેઓની રૂબરૂ આરોપીએ કોઈ હથીયાર કે કપડાઓ રજૂ કરેલ નથી.

(૨૪) ફરીયાદપક્ષે ચાર્જશીટ કરનાર–ધર્મેન્દ્રસિંહ કનકસિંહ સરવૈયાને આંક–૪૭ થી તપાસેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તા.૧૭–૧૦–૨૦૧૭ ના રોજ તેઓને આ ગુનાની તપાસ ચાર્જલીસ્ટ મુજબ મળતા, સંભાળી લઈ કાગળોને ધ્યાને લઈ ના.પો.અધિક્ષક તરફથી ડ્રાફટ ચાર્જશીટની મંજુરી મેળવી તપાસ પૂર્ણ થયેલી હોય, ચાર્જશીટ દાખલ કરેલું.

આ સાહેદ, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો ઈન્કાર કરે છે કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે. તેઓ કબૂલ કરે છે કે હાલના કામે તેઓએ કોઈપણ પ્રકારની તપાસ કરેલ નથી અને માત્ર કાગળોના આધારે ચાર્જશીટ કરેલું છે.

(૨૫) ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આ કામે આંક–૧૨ થી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૫, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓ સામેનું આ તહોમતનામું પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે કુલ–૧૮ સાહેદોને તપાસેલ છે. ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આ કામનો બનાવ તા.૮–૭–૨૦૧૭ ના રોજ સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે બનેલ છે અને બનાવમાં

ફરિયાદી–કાળુભાઈ નનકભાઈ પાટગીરના કાકા ગામના સરપંચ હોય અને તેમને આરોપી નં.૧ તથા તેમના પિતા સાથે બોલાચાલી થયેલી અને તેનું મનદુઃખ રાખી આરોપીઓ ફરિયાદીના ઘર પાસે આવી ગાળો બોલતા હોય ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા હાલનો બનાવ બનેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ રહેલો છે. પરંતુ આ કામના ફરિયાદી–કાળુભાઈ નનકાભાઈી પટગીર કે જેઓને આ બનાવમાં શરીરે ઈજા થયેલ છે. તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદી તેઓને થયેલ ઈજા બાબતે એવી હકિકત જણાવે છે કે બનાવ વખતે માણસોનું ટોળું ભેગું થઈ ગયેલું અને તેમાં ઝપાઝપીમાં તેઓ પડી જતા તેઓને માથામાં નીચે પાણીની પાઈપ પડેલ હોય તે વાગી ગયેલ. તેઓ એ હકિકતનો ઈન્કાર કરે છે કે હાલના બંને આરોપીઓ તેઓના ઘર પાસે આવી ગાળો બોલી તેમના હાથમાં લોખંડનો પાઈપ હોય તે અનકભાઈ જીલુભાઈએ તેઓને માથામાં મારી દીધેલ. વધુમાં ફરિયાદી, બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે તેઓને લોખંડની પાઈપ વાગતા તેઓ બેભાન થઈ ગયેલા હોવાથી ફરિયાદ કોણે લખાવી તેની તેઓને ખબર નથી. આ સંજોગોમાં જયારે ખુદ ફરિયાદી કે જેઓને ઈજા થવા પામેલ હતી, તે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોવાનું કહી શકાય નહિં.

(૨૬) વધુમાં આ કામે ફરિયાદપક્ષ ઘ્વારા તપાસવામાં આવેલો સાહેદો દાદાભાઈ સેલારભાઈ પટગીર (આંક–૨૧), આલીગભાઈ નનકાભાઈ પટગીર (આંક–૨૨), ભાણાભાઈ વીરાભાઈ વાળા (આંક–૨૩), નાગભાઈ દદુભાઈ પટગીર (આંક–૨૪) તથા જસુભાઈ રામભાઈ વાળા (આંક–૨૮) નાઓની સમગ્ર જુબાની જોતા આ સાહેદો બનાવ બની ગયા બાદ સ્થળ ઉપર આવેલ છે. આ તમામ સાહેદો બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે કાળુભાઈને ઈજા થયેલી ત્યારે તેઓ બનાવના સ્થળે હાજર ન હતા જેથી તેને કયા અને કેવી રીતે ઈજા થઈ તે તેઓને નજરે જોયેલ નથી અને કાળુભાઈએ પણ તેને કોણે મારેલ છે તેવું જણાવેલું નહિં, કારણ કે તે બેભાન હતા અને કાળુભાઈને પાણીનો નળ વાગી ગયેલો તેવું કાળુભાઈએ જણાવેલું.

(૨૭) વધુમાં ફરિયાદીએ ડો.રંગરાજન સમક્ષ સામાવાળા ઘ્વારા તેની ઉપર હુમલો કરવામાં આવેલ હોવાની હીસ્ટ્રી આપેલ છે. પરંતુ આરોપીઓના કોઈ નામ આપેલ નથી કે કયા

હથીયારથી તેમને ઈજા કરવામાં આવેલ છે, તે બાબતે કોઈ હકિકત જણાવેલ નથી.

(૨૮) આ કામે તમામા પંચનામાના પંચ સાહેદોએ પંચનામાઓની હકિકતો સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામે પંચ સાહેદોએ આપેલ પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૨૯) આ કામે આંક–૪૯ થી એફ.એસ.એલ.નો બાયોલોજી પરિક્ષણ અહેવાલ તથા આંક–૫૦ થી સીરોલોજી પરિક્ષણ અહેવાલ રજૂ કરેલ છે. જે વંચાણે લેતા આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદ્દામાલના હથીયારો ઉપર રૂધિર મળી આવેલ નથી. જયારે આરોપી નં.ર ના કપડા ઉપર રૂધીરની હાજરી મળી આવેલ છે, પરંતુ તેનું જુથ નકકી થઈ શકેલ ન હતું. આ સંજોગોમાં આંક–૪૯ અને ૫૦ ના એફ.એસ.એલ.ના પૃથ્થકરણ અહેવાલો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થતા નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૩૦) આ કામે આરોપીઓ સામે એવો પણ આક્ષેપ રહેલો છે કે આરોપીઓએ અમરેલીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરમાં હથીયારો ધારણ ન કરવાનાં જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં પાઈપ તથા લાકડી જેવા પ્રાણઘાતક હથીયાર ધારણ કરી, ગુનામાં વાપરી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે. જે હકિકત સાબીત કરવા માટે આ કામે ફરિયાદપક્ષે આંક–૩૫ થી અમરેલી જિલ્લા કલેકટર ઓફીસના કલાર્ક કરણસિંહ ભાવસંગભાઈ ચૌહાણને તપાસેલ છે. આ સાહેદના પુરાવા ઉપરથી બનાવ સમયે હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાની હકિકત સાબીત થાય છે. પરંતુ આ કામે આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે મારક હથીયારમાં લોખંડની પાઈપો ધારણ કરેલ હોય અને તે હથીયારો વડે ફરિયાદીને ઈજા પહોંચાડેલ હોય તેવી જ હકિકત સાબીત થતી નથી અને આરોપીઓ પાસેથી હથીયારો કબજે કર્યાના પંચનામાની હકિકત સાબીત કરેલ નથી ત્યારે આરોપીઓએ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં મારક હથીયારો ધારણ

કરેલ હોવાની હકિકત સાબીત થતી નથી.

(૩૧) ઉપરોકત ચર્ચા કયા મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭(૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો ફરિયાદપક્ષ નિઃશંકપણે, તટસ્થ પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧ તથા ૨ ના નિર્ણયો નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબરઃ ૩.**

(૩૨) ઉપરોકત સમગ્ર ચર્ચાનાં અંતે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓ સામે નીચે મુજબનો હુકમ કરવામાં આવશે તો તે ન્યાયી, યોગ્ય અને વ્યાજબી રહેશે, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપીઓ નં.(૧)અનકભાઈ જીલુભાઈ વનરા તથા નં.(૨)મંગળુભાઈ બચુભાઈ વનરાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ (૧) સાથે વાંચતા કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓનાં જામીનખત અને જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમ સામે અપીલ થાય તો ઉપલી અદાલતમાં હાજર રહેવા માટે દરેક

આરોપીએ રૂા.૫૦૦૦/–(પાંચ હજાર)નાં જામીન તથા તેટલી જ રકમના જાત જામીન ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈઓ મુજબ આપવાના રહેશે, જેનો અમલ છ માસ સુધી રહેશે.

આ ચુકાદો આજ રોજ તારીખઃ ૨૭મી માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમરેલી.
તા.૨૭–૦૩–૨૦૧૯

(**જીતેન્દ્ર રમેશચંદ્ર શાહ**)
સેશન્સ જજ,
અમરેલી.
GJ01044